
જ્યોર્જ અને ડ્રેગન

એની એડેની




જ્યોર્જ અને ડ્રેગન

એની એડેની



જ્યોર્જ એક બળવાન અને બહાદુર સૈનિક હતો.


એ બાયર્ડ નામના એના કદાવર ઘોડા પર સવારી કરતો હતો.




એક દિવસ જ્યોર્જે રાજા અને એના લોકો ને રોતા અને આક્રંદ કરતા જોયા. "શું થયું?" જ્યોર્જે એને પૂછ્યું.



"ડ્રેગન મારી દીકરી ને ખાઈ જશે!" રાજા એ રડતા-રડતા કહ્યું.



"જો, અમારું એકમાત્ર પાણી એક ઝરણાં માં થી આવે
છે, અને એના પર હિંસક ડ્રેગન નો કબ્જો છે.



અમે રોજ એને ખાવાનું આપીયે, તો જ એ અમને
પાણી લેવા દેય છે. અત્યાર સુધી માં એ અમારા
બધા ઘેટાં-બકરા ખાઈ ચુક્યો છે."





"હવે એ રોજ ખાવા માટે એક યુવાન છોકરી
ની માગ કરી રહ્યો છે," રાજા એ કહ્યું.

"પહેલી છોકરી કઈ ભક્ષિત થશે એ નક્કી
કરવા અમે લોટરી કાઢી, અને એમાં
રાજકુમારી નું નામ આવ્યું!"


"કૃપા કરીને આ દુષ્ટ ડ્રેગન સાથે લડ," રાજા એ જ્યોર્જ ને વિનંતી કરી. "નહીં તો રાજકુમારી અને અમારી બધી જુવાન છોકરીઓ મરી જશે!"






"હું એ લાલચી ડ્રેગન સાથે જરૂર લડીશ," બહાદુર જ્યોર્જે કહ્યું. એણે એનું કવચ પહેર્યું અને હથિયાર ઉઠાવ્યા.


જ્યોર્જ નો ઘોડો બાયર્ડ એને શહેર ની
નીચે સ્થિત ઝરણાં પાસે લઈ ગયો.



શહેર ના નાગરિકો એને સુરક્ષિત
દૂરી થી જોતા રહ્યા.



ત્યાં હવામાં એક તીવ્ર દુર્ગંધ ફેલાઈ ગઈ.
અચાનક મેઘગર્જના જેવી ગડગડાટી થઈ
અને ડ્રેગન આકાશ માં થી નીચે ઉતર્યો. એની
વિશાળ પાંખોએ સૂર્યની રોશની રોકી લીધી.





ડ્રેગન ના મોઢા માં થી એક મોટી જવાળા
નીકળી. બાયર્ડ ની પૂંછડી એનાથી બળી ગઈ.

જ્યોર્જે એના ભાલા થી ડ્રેગન ના શરીર પર
નિશાન તાક્યું અને હુમલો કર્યો.



પણ ડ્રેગન ના ચળકતા ભીંગડા એટલા સખત હતા કે જ્યોર્જ ના ભાલા ના અસંખ્ય ટુકડા થઈને ભૂકો થઈ ગયો.

જ્યોર્જ જમીન પર પડી ગયો અને એનો ઘોડો બાયર્ડ પોતાનો જીવ બચાવવા શહેર તરફ ભાગી ગયો. જ્યોર્જ ગુલાંટ ખાઈને એક વૃક્ષ નીચે પહોંચ્યો અને મ્યાન માં થી તલવાર કાઢી.








આગ ની બીજી લપટે એ વૃક્ષ માં આગ લગાડી અને ગરમી થી જ્યોર્જ ના કવચ માં તિરાડ પડી ગઈ અને એ બળીને ખાક થઈ ગયું.

કવચ વગર જ્યોર્જ પથ્થરો પાછળ સંતાઈ ગયો. ડ્રેગન એના શિકાર ને ન જોતા ગર્જના કરવા લાગ્યો.


ડ્રેગને પાંખો ફેલાવી અને જ્યોર્જ ને શોધવા આકાશ માં ઉડયો. જયારે ડ્રેગન નીચે ઉતરી રહ્યો હતો ત્યારે બહાદુર જ્યોર્જે છલાંગ લગાવી અને એની તલવાર ડ્રેગન ની પાંખો નીચે ખોસી દીધી.

ત્યાં ડ્રેગન ને બચાવવા કોઈ ભીંગડા ન હતા અને તલવાર ની બ્લેડ સીધી ડ્રેગન ના હૃદય માં ઘુસી ગઈ.






ડ્રેગન ના શરીર માં થી શ્યામ લોહી ધસી
પડયું અને જમીન પર એના ધાબા પડયા.



ડ્રેગન મરી ગયો હતો અને
રાજકુમારી બચી ગઈ હતી!

શહેર ના લોકો બહુ ખુશ થયા અને રાજા એ જ્યોર્જ ને ઇનામ માં સોનુ ભરેલો મોટો થેલો આપ્યો.



જ્યોર્જે એ પૈસા નો ઉપયોગ શહેર ના લોકો
માટે વધારે ઘેટાં-બકરા ખરીદવા માટે કર્યો.
પછી એ ચુપચાપ એના રસ્તે પડયો.

